# માણસા પાસે જીપડાલુ પલટતા ૩૦ને ઈજા

**નેજાના સામૈયામાં જતા ભક્તોને માણસાના પાટણપુરા પાસે અકસ્માત નડ્યો, ૨૫ ઈજાગ્રસ્તને ગાંધીનગર સિવિલમાં સારવાર હેઠળ, મોટાભાગના ઈજાગ્રસ્ત મહિલા અને બાળકો**



ગાંધીનગર, તા. ૮

માણસાના પાટણપુરા પાસે રવિવારના સાંજના પાંચ વાગ્યાના અરસામાં જીપડાલુ પલટી ખાઈ જતા ૩૦ થી વધુ નાગરીકોને ઈજા પહોંચી છે. ચરાડાના ભકતો ડાલામાં બેસીને નેજાના સામૈયામાં જઈ રહ્યા હતા તે સમયે અકસ્માત સર્જાયો હતો. ચરાડાથી નીકળેલ ડાલુ ગણતરીની મિનીટોમાં જ ચાર રસ્તા પર ડ્રાઈવરે કાબુ ગુમાવતા પલ્ટી મારી ગયું હતું. બનાવને પગલે સમગ્ર વિસ્તાર મહિલાઓ અને બાળકોની ચીચીયારીઓથી ગુંજી ઉઠ્યો હતો. ડાલુ પલ્ટી ખાતા તાત્કાલીક મોટીસંખ્યામાં નાગરીકો એકઠા થઈ ગયા હતા. ઘાયલોને તાત્કાલીક સારવાર માટે ગાંધીનગર સિવિલ ખસેડવામાં આવ્યા હતા. ઘાયલોમાં મહિલાઓ અને બાળકોની સંખ્યા વધુ છે. ૨૮ ઈજાગ્રસ્તોને ગાંધીનગર સિવિલ સારવાર માટે લાવવામાં આવ્યા હતા જેમાં ૬ ઈજાગ્રસ્તોને અમદાવાદ રીફર કરાયા હતા. બનાવની જાણ થતા સિવિલના આરએમઓ ડો.રાજેન્દ્ર ચૌહાણ દોડી આવ્યા હતા અને તાત્કાલીક ડોકટરોની ટીમ અને નર્સિંગ સ્ટાફને મોટીસંખ્યામાં બોલાવી લેવાયા હતા.

પ્રાપ્ત માહિતી મુજબ ગાંધીનગર જિલ્લાના ચરાડા ગામે રહેતા ઠાકોર સમાજના ભાઈ બહેનો રવિવારની સાંજના પાંચ વાગ્યાના અરસામાં ચરાડાથી ત્રણ કિલોમીટર દુર ખેતરમાં આવેલા મંદિર ખાતે રામદેવપીરના નેજાના સામૈયા માટે જીપ ડાલામાં બેસીને જઈ રહ્યા હતા. જીપ ડાલામાં ૩૦ થી વધુ મહિલાઓ બાળકો તેમજ ભાઈઓ સહિતના ભકતો બેસીને વાજતે-ગાજતે જઈ રહ્યા હતા. તે સમયે અચાનક જીપડાલાના ચાલકે કાબુ ગુમાવતા પાટણપુરા ચોકડી પાસે ડાલુ પલ્ટી મારી ગયું હતું. ડાલામાં બેસેલા નાગરીકોની ચીચીયારીઓથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું.અકસ્માતની જાણ ચરાડા ગામમાં થતા હાહાકાર મચી જવા પામ્યો હતો. બનાવને પગલે આસપાસમાંથી મોટીસંખ્યામાં ભાઈ બહેનો દોડી આવ્યા હતા અને બચાવકાર્ય હાથ ધર્યું હતું. ઈજાગ્રસ્તોમાં ૨૫ થી વધુને ગાંધીનગર સિવિલ ખાતે લાવવામાં આવ્યા હતા. જયારે ૬ દર્દીઓને હાથે પગે ઈજા પહોંચી હોવાથી અમદાવાદ રીફર કરાયા હતા. ઈજાગ્રસ્તોમાં મહિલાઓ અને બાળકોની સંખ્યા વધુ જોવા મળી છે. ગાંધીનગર સિવિલ એક પછી એક એમ્બ્યુલન્સમાં દર્દીઓ લાવવામાં આવતા તાત્કાલીક વિભાગમાં બેડની સંખ્યા કરતા

● અનુસંધાન પાન-૭ પર

## ઈજાગ્રસ્તોની યાદી

ગાયત્રીબેન, તારાબેન ઠાકોર, લીલાબેન ઠાકોર, મધુબેન ઠાકોર, રંજનબેન ઠાકોર, ગાયત્રીબેન ઠાકોર, ભીખીબેન ઠાકોર, વીણાબેન ઠાકોર, વિરમભાઈ ઠાકોર, રામદેવસિંહ, તારાબેન ઠાકોર, શકરીબેન ઠાકોર, હંસાબેન પડ્યા, અમરબેન ઠાકોર, કંચનબેન ઠાકોર, બબીબેન ઠાકોર, સેંધાજી ઠાકોર ગીતાબેન ઠાકોર, સિમરનબેન ઠાકોર, પ્રતિકકુમાર ઠાકોર, ભીખીબેન ઠાકોર, કોકીલાબેન ઠાકોર ગાંધીનગર સિવિલ ખાતે સારવાર હેઠળ છે. જયારે હરીપ્રસાદ પંડયા, રોશનીબેન, બાલુબેન, શાંતાબેન, હાથીબેન અને નેહા ઠાકોરને અમદાવાદ રીફર કરાયા છે.જયારે તમામ ઈજાગ્રસ્તો ચરાડાના વતની છે.

## જિલ્લાના ત્રણ મેડીકલ ઓફિસરોની બદલી કરાઈ

**આંતરિક બદલીનો બીજો મોટો જથ્થો આગામી સપ્તાહમાં આવશે**

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લામાં ત્રણ મેડીકલ ઓફિસરોની આંતરિક બદલીના હુકમો જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા કરવામાં આવ્યા છે.

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીની કચેરી દ્વારા જારી કરવામાં આવેલ હુકમ મુજબ સાણોદા અને ડભોડાના મેડીકલ ઓફિસરની જે જગ્યાઓ ખાલી હતી તે ભરી દેવામાં આવી છે.

પ્રા.આ. કેન્દ્ર સઈજ ખાતે ફરજો બજાવતા ડૉ. મુકેશ પટેલને પ્રા.આ. કેન્દ્ર મહુડી ખાતે, પ્રા.આ. કેન્દ્ર ખાતે ફરજો બજાવતા ડૉ. અંકિત શાહને પ્રા.આ. કેન્દ્ર સાણોદાની ખાલી જગ્યા પર તેમજ પ્રા.આ. કેન્દ્ર બિલોદરા ખાતે ફરજો બજાવતા ડૉ. યોગીની વ્યાસને પ્રા.આ. કેન્દ્ર ડભોડા ખાતે બદલીના હુકમો જારી કરવામાં આવ્યા છે.

મેડીકલ ઓફિસરોની આંતરિક બદલીનો બીજો મોટો જથ્થો આગામી સપ્તાહમાં આવશે તેમ આરોગ્યતંત્રના સૂત્રોમાંથી જાણવા મળ્યુ છે.

## સરપંચને દૂર કરવાની સત્તા ગ્રામસભાને આપવામાં આવે : સરપંચ એસોસીએશન

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગરમાં સરપંચ એસોસીએશનની મળેલ કારોબારી બેઠકમાં સરપંચને સત્તા પરથી દૂર કરવા માટે પંચાયતની બેઠકમાં નિર્ણય લેવાય છે તેના બદલે ગ્રામસભામાં નિર્ણય લેવાવો જોઈએ તેવી સરકાર સમક્ષ માંગ કરવાનો મહત્વનો નિર્ણય લેવાયો હતો.

જન અધિકાર સંઘના નેજા હેઠળ સરપંચ એસોસીએશનની કારોબારીની વરણી તેમજ આગામી સમયમાં સરકાર સામેની રણનીતિ નક્કી કરવા માટે આ બેઠક મળી હતી. સરપંચ એસોસીએશન દ્વારા આગામી સમયમાં રાજ્યના તમામ સરપંચોને એક મંચ પર લાવવા માટેની રણનીતિ પણ આ બેઠકમાં નક્કી કરાઈ હતી.

મળતી વિગતો પ્રમાણે આજની બેઠકમાં સરપંચને સત્તા પરથી દૂર કરવા માટે અવિશ્વાસનો પ્રસ્તાવ પંચાયતની સભામાં આવે અને તે દૂર કરવામાં આવે છે. સરપંચની ચૂંટણી પંચાયતની સાથે અલગથી થાય છે અને સમગ્ર ગામ તેની ચૂંટણીમાં ભાગ લે છે તો ગ્રામસભાને જ સરપંચ દૂર કરવાની સત્તા આપવી જોઈએ તેવો સુધારો કરવાની માંગ સરકાર સુધી પહોંચાડવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

આજની આ બેઠકમાં પંચાયત કચેરીઓમાં વહીવટીય અને તકનીકી કર્મચારીઓની ખાલી જગ્યાઓને લઈ વિકાસના કામો થઈ રહેલ વિલંબ અંગે પણ ચિંતાની લાગણી વ્યક્ત કરવામાં આવી હતી તેમજ આ બાબતે પણ સરકારને રજુઆત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

સરપંચોને પણ માનદવેતન આપવુ જોઈએ, એટીવીટી અને આયોજન મંડળની ગ્રાન્ટમાંથી રૂ. ૧ લાખ ફાળવવા જોઈએ તેમજ પંચાયતના સ્વભંડોળમાંથી પણ સરપંચને રૂ. ૧ લાખ સુધીનો ખર્ચ કરવાની સત્તા આપવી જોઈએ તેવી વિવિધ બાબતો પર ચર્ચાઓ થઈ હતી.


## મનપામાં વ્યવસાય વેરાની નબળી વસુલાત

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર મહાનગર પાલિકામાં ચાલુ વર્ષે વ્યવસાય વેરાની નબળી વસુલાતનું ચિત્ર બહાર આવવા પામ્યુ છે.

મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે મનપાએ ચાલુ વર્ષે વ્યવસાયવેરાની વસુલાતનો લક્ષ્યાંક રૂ. ૮ કરોડ રાખ્યો હતો પરંતુ અત્યાર સુધીમાં માત્ર ૨ કરોડ જેટલી જ આવક થઈ છે.

તાજેતરમાં મનપાના આવકના સ્ત્રોતો અંગે થયેલ સમીક્ષામાં આ ચિત્ર બહાર આવ્યુ છે. મનપા દ્વારા વ્યવસાયવેરાના નવા કરદાતાઓ શોધવામાં પણ ઉદાસીન વલણ દાખવ્યુ છે. દર વખતે બજેટમાં નવા કરદાતાઓને ઓળખવા માટે સર્વે કરવામાં આવશે તેવી જાહેરાત થાય છે પરંતુ આ દિશામાં કોઈ જ નક્કર કાર્યવાહી છેલ્લા એક દસકામાં થઈ નથી. મનપા દ્વારા આવકના સ્ત્રોતોમાંથી કઈ રીતે આવક વધુ મળી શકે તે માટે કોઈ જ પ્રયાસો કર્યા નથી અને તેથી જ સરકારે હમણાં તેને નવી સેવાઓ સોંપવાના મુદ્દે ઉદાસીન વલણ અપનાવ્યુ હોવાનું સચિવાલયના સૂત્રોમાંથી ચર્ચાઈ રહ્યું છે.




ગાંધીનગર શહેર ભાજપ દ્વારા કાશ્મીરમાંથી કલમ ૩૭૦ હટાવવાના સમર્થનમાં શરૂ થયેલા સહિ ઝુંબેશમાં રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી તથા તેમના ધર્મપત્ની અંજલિબેન રૂપાણીએ ગઈકાલે સેવાકેન્દ્રની મુલાકાત લીધી ત્યારે તેમાં સહિ કરી આ ઝુંબેશને એક નવો જોમ અને જુસ્સો પ્રાપ્ત થયો છે.

## કુપોષણ મુક્તિ અભિયાન અંતર્ગત જિલ્લામાં પોષણ મેળા યોજાશે

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લામાં આગામી દિવસોમાં કુપોષણ મુક્તિ અભિયાન અંતર્ગત ખાસ "પોષણ મેળા"નું આયોજન કરવામાં આવનાર છે આ માટે તંત્રએ વિચારણા પણ હાથ ધરી દીધી છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે સપ્ટેમ્બર માસ પોષણ માસ તરીકે ઉજવાઈ રહ્યો છે ત્યારે ભારત સરકારે કુપોષણ મુક્તિ અભિયાન એક જનઆંદોલન બને તે માટે વિવિધ પ્રકારના કાર્યક્રમોના આયોજન અંગે માર્ગદર્શન આપી "પોષણ ભાગીદારી અને પોષણ પર ચર્ચા" જેવા વિષયો સામેલ કરી કુપોષણ મુક્તિ અભિયાનને સઘન બનાવવા પર ભાર મુક્યો છે.

ભારત સરકારે જિલ્લા તેમજ મહાનગરોના કાર્યક્રમ માટે અલગ અલગ કાર્યક્રમો પણ સુચવ્યા છે. મહિલા અને બાળ વિકાસ વિભાગને નોડલ વિભાગ ઘોષિત કરી તમામ વિભાગોને સંકલનમાં રહી કેવા કાર્યક્રમો યોજવા તે વિશે પણ સૂચવ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે આગામી દિવસોમાં જિલ્લામાં પોષણ મેળાના આયોજન અંગે આરોગ્ય, શિક્ષણ અને મહિલા બાળ વિકાસ વિભાગ સંકલનમાં રહી આયોજન તૈયાર કરે તેવી સૂચનાઓ જિલ્લાતંત્ર દ્વારા આપવામાં આવી છે.

૧૫મી સપ્ટેમ્બર પછી આ નવતર મેળાનું આયોજન થશે તેમ તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થાય છે.

જિલ્લામાં હાલ ચાર હજારથી વધુ બાળકો કુપોષણ કેટેગરીમાં આવે છે. જિલ્લા આરોગ્યતંત્ર તેમજ અન્ય વિભાગો દ્વારા કેવા કાર્યક્રમો યોજવા તે માટે વિભાગે એક વિસ્તૃત પત્ર પણ પાઠવ્યો છે. ભાદરવી પૂનમના મહામેળા પછી આ નવતર મેળાનું આયોજન કરવામાં આવશે.



વિશ્વભરમાં માર્ગ અકસ્માતોમાં ભારત મોખરે છે જેને અનુલક્ષીને એક તરફ સરકાર દ્વારા માર્ગ અકસ્માતોની સંખ્યા ઘટાડવા ટ્રાફિકના નિયમોનો ભંગ કરનાર વાહનચાલકો પર અતિશય આકરા દંડની જોગવાઈઓનો દંડો ઉગામવામાં આવ્યો છે જે અંગે પ્રજામાં અસંતોષ સ્પષ્ટ જણાઈ રહ્યો છે, બીજી તરફ સમગ્ર સરકારી અને વહીવટીતંત્ર વાહનચાલકોના અધિકાર અને સુરક્ષા પુરી પાડવામાં સદંતર નિષ્ફળ રહ્યું છે. સોશ્યલ મિડીયા પર નવી દંડનીય જોગવાઈઓ પ્રત્યે અવનવા ચબરાકિયાં થકી વિરોધ પ્રદર્શિત થઈ રહ્યો છે, તેમાં એક મજાક તો એવી પણ કરવામાં આવી રહી છે કે "ડ્રાઈવીંગ લાયસન્સ માટેના ટેસ્ટમાં વચ્ચે બે-ચાર ઢોર પણ ઉભા રાખવા જોઈએ કેમ કે વાહન સહીસલામત રીતે ચલાવવા એ યોગ્યતા જરૂરી છે" આ માત્ર એક જોક નથી પરંતુ દીવા જેવું સત્ય છે કે વહીવટીતંત્ર રખડતાં ઢોરને નિયંત્રણ કરવામાં તદ્દન નિષ્ફળ નિવડ્યુ છે જે આ તસ્વીરમાં દેખાય છે. ગાંધીનગરના માર્ગ નં. ૧ પર સેક્ટર-૪ પાસે આખો રોડ બ્લોક કરીને ઉભેલી આ ગાયો માટે શુ કોઈને દંડ થશે ખરો ? અને, આવી તો પરિસ્થિતિ દરેક શહેરના લગભગ દરેક માર્ગની છે, શું સરકારે વાહન ખરીદતા ઉઘરાવેલા રોડ ટેક્સની સામે કોઈ "ફરજ" નિભાવવાની જવાબદારી તંત્રની ખરી કે નહીં ?

## શહેરમાં મોડી સાંજે ભારે બફારા બાદ વરસાદી ઝાપટુ

ગાંધીનગર, તા. ૮

મેઘરાજા ભાદરવામાં પણ અણનમ રહ્યા છે. ભાદરવો બેઠો ત્યારથી લગભગ રોજ વરસાદની હાજરી રહી છે. ગઈકાલે પણ આખો દિવસ ભારે બફારો અને તડકો રહ્યા બાદ મોડી સાંજે ગાજવીજ સાથે વરસાદ તુટી પડ્યો હતો. લગભગ પોણો કલાક ધોધમાર વરસાદ પડતા ૧૬ મીમી વરસાદ નોંધાયો હતો. જ્યારે મોસમનો કુલ વરસાદ ૫૩૬ મી.મી. નોંધાયો છે.

સમગ્ર ગુજરાતમાં વરસાદ સારો એવો પડી રહ્યો છે. ચોમાસુ શરૂ થયુ ત્યારથી અત્યાર સુધી દક્ષિણ ગુજરાતમાં તો અવિરત વરસાદ વરસી રહ્યો છે. સૌરાષ્ટ્ર-કચ્છમાં પણ સતત ભારે કે અતિભારે વરસાદ વરસી રહ્યો છે. ગાંધીનગર સહિત ઉત્તર ગુજરાતના વિસ્તારોમાં વરસાદ પ્રમાણમાં થોડોક ઓછો છે તેમ છતાં સ્થિતિ ઘણી સારી છે. ગાંધીનગર અને અમદાવાદમાં હજુ સુધી અતિભારે વરસાદ નથી પડ્યો પરંતુ દરરોજ વરસાદની હાજરી ચોક્કસ પુરાઈ જાય છે. ભાદરવો બેઠો તે પછી સતત વરસાદી વાતાવરણ રહ્યુ છે.

વળી દિવસ દરમ્યાન અકળાવી નાંખે તેવો બફારો થાય અને આકરો તડકો પડે છે પરંતુ સાંજ પડતા જ આકાશમાં કાળાડિબાંગ વાદળો ઘેરાઈ આવે છે અને ગાજવીજ સાથે ધોધમાર વરસાદ વરસી જાય છે. આ સીલસીલો ઘણા દિવસથી ચાલે છે. ગઈકાલે પણ આખો દિવસ ભારે બફારો રહ્યા બાદ મોડી સાંજે વીજળીના કડાકાભડાકા થતા હતા. કડાકાભડાકા બાદ વરસાદ તુટી પડ્યો હતો. વરસાદ લગભગ પોણો કલાક પડ્યો હતો. જોકે જે પ્રમાણે વાદળો ઘેરાયા હતા તે પ્રમાણે વરસાદ ન વરસતા વસાહતીઓ નિરાશ થયા હતા.

## પ્રોગ્રામ અધિકારી તરીકે નીતાબેન ગામી નિમાયા

ગાંધીનગર, તા. ૮

મહિલા બાળ અધિકારી તરીકે ફરજો બજાવતા સુશ્રી નીતાબેન ગામીને ગાંધીનગર જિલ્લા પ્રોગ્રામ અધિકારી તરીકેનો હવાલો સોંપવામાં આવ્યો છે.

ગાંધીનગર પ્રોગ્રામ અધિકારી તરીકે ફરજો બજાવતા દક્ષાબેન ચૌહાણની બદલી થતાં આ જગ્યા ખાલી પડી હતી. રાજ્યના મહિલા અને બાળ કલ્યાણ વિભાગ દ્વારા આ હુકમો કરવામાં આવ્યા છે.

સુશ્રી ગામીએ તેમના નવા હોદ્દાનો ચાર્જ સંભાળી લીધો છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com